Term Loan (Housing Loan A/c 05780600019671)	**22,80,000/-**	**9.05% (Repo rate+ Credit spread 0.35%+Risk Premium 0.05%)**	**Principal amt- Rs 22,69,712 + Unapplied Int- Rs.22,346.42+ Unserviced Int-Rs 73,101.40 Total outstanding Amount- Rs. 23,65,159.82**	**Mortgage of an Immovable Constructed on land Non-agriculture plot of land in Mouje UMARVA, GokulUpvan Society Ta-Waghodia bearing R S No-156/3, Plot/House No. 122, construction/Non constructed admeasuring 37.17/ 78.83 sq. mtr., Tolal ADM Without any Floor 116.00 sq. mtr., Sub Dist.-Waghodia&Dist: Vadodara. This property is belong to Mr HARI NISHANT GADHAVI The Boundaries are: East:- 6.0 MTR ROAD, North:- HOUSE NO 123, West: - HOUSE NO 125, South : HOUSE NO 121**
Total	**22,80,000-**		**23,65,159.82 + Other Charges**	

2. You have entered into the loan agreement dated 05.02.2024 with the bank for the loan facility amounting to Rs. 22,80,000/- (Rupees Twenty Lakh Eighty Thousand only) wherein you agreed to pay equated monthly instalments (referred to as "EMI"). The outstanding stated above include further drawings and interest upto21.05.2025..
3. As you are aware, you have committed defaults in payment of interest on above loans/out standings and You have also defaulted in payment of installments of term loan/demand loans which have fallen due for payment **on 10.01.2025** and thereafter.
4. Consequent upon the defaults committed by you, your loan account has been classified as non-performing asset **on 10.04.2025** in accordance with the Reserve Bank of India directives and guidelines. In spite of our repeated requests and demands you have not repaid the overdue loans including interest thereon.
5. Having regard to your inability to meet your liabilities in respect of the credit facilities duly secured by various securities mentioned in para 1 above, and classification of your account as a non-performing asset, we hereby give you notice under sub-section (2) of section 13 of the Securitisation and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002, and call upon you to pay in full and discharge your liabilities to the Bank aggregating **Rs. 23,65,159.82/- (Rupees Twenty Three lakh SixtyFive thousand One Hundred Fifty Nine and Eighty TwoPaise Only) + other charges** as stated in para 1 above, within 60 days from the date of this notice. We further give you notice that failing payment of the above amount with interest till the date of payment, we shall be free to exercise all or any of the rights under sub-section (4) of section 13 of the said Act, which please note.
6. Please note that, interest will continue to accrue at the rates specified in para 1 above for each credit facility until payment in full.
7. **We invite your attention to section 13(13) of the said Act in terms of which you are barred from transferring any of the secured assets referred to in para 1 above by way of sale, lease or otherwise (other than in the ordinary course of business), without obtaining our prior written consent. We may add that non-compliance with the above provision contained in Sub section 13 (13) of the said Act, is an offence punishable under section 29 of the Act.**
8. We further invite your attention to sub section (8) of section 13 of the said Act in terms of which you may redeem the secured assets, if the amount of dues together with all costs, charges and expenses incurred by the Bank is tendered by you, at any time before the date of publication of notice for public auction/inviting quotations/tender /private treaty. Please note that after publication of the notice as above, your right to redeem the secured assets will not be available.
9. Please note that this demand notice is without prejudice to and shall not be construed as waiver of any other rights or remedies which we may have, including without limitation, the right to make further demands in respect of sums owing to us.

Date: 21/05/2025
Place: Vadodara

Sd/- Chief Manager & Authorised Officer,
Bank of Baroda

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો પ્રારંભ કરાવ્યો

જેમ દેશની સીમાઓની સુરક્ષા સતત ખડેપગે રહીને સૈન્ય કરે છે તેવી જ રીતે દેશના જનજનની ખાદ્ય સુરક્ષાનું કામ ખેડૂતો કરે છે

● આણંદ,તા.૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનને રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન કૃષિ ઉત્પાદન વધારીને ખેડૂતોની આત્મનિર્ભરતા અને સ્વદેશીને પ્રોત્સાહન આપનારી આગવી પહેલ બનશે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી દેશના ખેડૂતોને સમય અનુરૂપ ટેકનોલોજીનો કૃષિમાં ઉપયોગ કરીને વેલ્યુ એડીશન, ફાર્મ મિકેનિઝમ, નેચરલ ફાર્મિંગ વગેરેના સંકલીત પ્રયાસો સાથે એકિકૃત દિશામાં કામ કરીને કૃષિમાં ક્રાંતિકારી પરિવર્તનની દિશા આપવામાં આ અભિયાન મહત્વપૂર્ણ બનવાનું છે.

ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા પીસીએઆર અને રાજ્યના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વૈજ્ઞાનિકો, કૃષિ યુનિવર્સિટીઓના તજજ્ઞોના સહયોગથી આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન તા. ૨૯મી મે થી ૧૨ જૂન સુધી દેશભરમાં યોજાવાનું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં આ અભિયાનનો પ્રારંભ આણંદ કૃષિ યિનિવર્સિટીથી કરાવ્યો હતો. ગુજરાતમાં આ અભિયાન અંતર્ગત ૨૩૫ તાલુકાઓના ૨૯૫૧ ક્લસ્ટર થકી ૩.૫૦ લાખથી વધુ ખેડૂતો સુધી સીધા પહોંચવાનું વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાન દરમિયાન રાજ્યના ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને ૪ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, કૃષિ તજજ્ઞો, કૃષિ વિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો ગામડે-ગામડે ફરીને ખેડૂતોની મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ, આધુનિક અને જળવાયુ પરિવર્તન અનુરૂપ ખેત પદ્ધતિ, નવા સંશોધિત બિયારણો, નેનો ફર્ટિલાઈઝર, સોઈલ હેલ્થ કાર્ડના ઉપયોગ ઉપરાંત જરૂરિયાત પૂરતો જ ખાતરનો ઉપયોગ કરવા જેવી કૃષિલક્ષી જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત ખેડૂતોને કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂતો હિતલક્ષી સહાય યોજનાઓ અંગે પણ માહિતગાર કરવામાં આવશે.

આણંદ કૃષિ યુનિવર્સિટી ઝોનમાં સમાવિષ્ટ ૭ જિલ્લાઓના ૭૯૩ ગામોના અંદાજે ૧ લાખ ૨ હજારથી વધુ ખેડૂતો, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ૭ જિલ્લાના ૪૯૫ ગામોના ૮૦ હજાર ખેડૂતો, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગતના ૧૦ જિલ્લાના ૯૩૩ ગામોના ૧.૨૦ લાખ ખેડૂતો અને નવસારી કૃષિ યુનિવર્સિટી ઝોનના ૭ જિલ્લામાં ૭૬૦ ગામોના ૭૧ હજારથી વધુ ખેડૂતો એમ સાડા ત્રણ લાખથી વધુ ખેડૂતોને આ અભિયાન હેઠળ આવરી લેવાનું સઘન આયોજન રાજ્ય સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે કર્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અભિયાન રાજ્યના ખેડૂતો માટે ઘરેબેઠા ગંગાનો અવસર ગણાવતા ઉમેર્યું કે, કૃષિ ક્ષેત્રે નવિન શોધ-સંશોધનની માંગને પારખીને આધુનિક ટેકનોલોજી અને વિજ્ઞાનના શ્રેષ્ઠ ઉપયોગથી નેનો યુરીયા ખાતર અને ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કૃષિ ક્ષેત્રે કેવી રીતે કરી શકાય અને ઉત્તમ ઉદાહરણ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતે પૂરું પાડ્યું છે.જો ખેડૂતનું અને કૃષિ ક્ષેત્રનું તથા ગ્રામીણ જનજીવનનું ભલું કરવાની રાજકીય ઈચ્છાશક્તિ હોય તો કેવા બદલાવ લાવી શકાય તે નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં વીજળી અને નર્મદાનું પૂરતું પાણી સિંચાઈ માટે આપીને પુરવાર કર્યું છે. ખેડૂતોને પોતાના ખેતરમાં કેવો પાક વધુ લઈ શકાય, વેલ્યુ એડિશન કરીને કેવી રીતે વધુ કિંમત મળે, એ બધી સમજ સામે ચાલીને રાજ્ય સરકાર આપે તેવો અભિગમ તેમણે કૃષિ મહોત્સવથી અપનાવ્યો હતો એમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતુ.

મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, સોઈલ હેલ્થકાર્ડ, લેબ ટુ લેન્ડ, પશુ આરોગ્ય મેળા જેવા કૃષિ હિતકારી આયામો મોદી સાહેબની વિઝનરી લીડરશીપ અને આગવી દ્રષ્ટિથી ગુજરાતને મળ્યા છે આ બધાના પરિણામે ૨૦૦૧થી ૨૦૧૪ સુધીના સમયગાળા દરમિયાન જ્યારે સમગ્ર ભારતનો કૃષિ વિકાસ દર માત્ર ૩ ટકા હતો, ત્યારે ગુજરાતનો વાર્ષિક કૃષિ વિકાસ દર ડબલ ડિજિટના દરે વૃદ્ધિ કરી રહ્યો હતો.મુખ્યમંત્રીએ ઓપરેશન સિંદૂરની સફળતા માટે વડાપ્રધાનના નેતૃત્વ અને દેશની સેનાના જવાનોને અભિનંદન પાઠવતા કહ્યુ કે, જેમ દેશની સીમાઓની સુરક્ષા સતત ખડેપગે રહીને સૈન્ય કરે છે તેવી જ રીતે દેશના જનજનની ખાદ્ય સુરક્ષાનું કામ ખેડૂતો કરે છે. વિકસિત ભારત ૨૦૪૭ માટે આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનમાં પણ ગુજરાતના ખેડૂતો અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ પણ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો.ઈન્ડિયન કાઉન્સિલ એગ્રીકલ્ચર રિસર્ચના ડો. મનીષ દાસે તેમના પ્રાસંગિક ઉદબોધનમાં કૃષિ ક્ષેત્રે ખેડૂતોના પડકારો કેવી રીતે દૂર કરી શકાય તે માટે આઈ.સી.એ.આર ના પ્રયત્નોની વિસ્તૃત જાણકારી આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ વિભાગ દ્વારા રાજ્યના ૧.૫ કરોડ જેટલા ખેડૂતોને પ્રધાનમંત્રીના લેબ ટુ લેન્ડના વિઝનને સાકાર કરવા માટે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન નવો આયામ પૂરું પાડશે. તેમણે આ અભિયાન થકી ખેડૂતોને તેમની ખેતીમાં આવતા પડકારોને આઈ.સી.એ.આર.ના વૈજ્ઞાનિકો દ્વારા સમાધાન લાવવા માટે પ્રયાસ કરાશે, તેમ વિશ્વાસ પૂર્વક જણાવ્યું હતું.

રાજકોટમાં વધુ ૫ કેસ નોંધાયા

ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમિતોનો આંકડો વધ્યો

● ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં કોરોના કેસો ધીરેધીરે બેવડી સદી તરફ આગળ વધી રહ્યાં છે, રાજકોટમાં પણ કોરોના કેસોમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. શહેરમાં એક જ દિવસમાં ૬ કેસ સામે આવતા અને તેમાં ૬ માસનું એક બાળક પણ સંક્રમિત થતાં આરોગ્ય તંત્રમાં ચિંતા વ્યાપી છે. આ ઉપ રાંત ભાવનગરમાં કોરોનાના વધુ બે કેસ તેમજ જામનગર અને જૂનાગઢમાં એક-એક કેસ સામે આવ્યાં છે.

ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ કોરોનાના કેસ સામે આવ્યા છે. એક પછી એક શહેરમાંથી કોરોનાના નવા કેસ નોંધાઈ રહ્યા છે. અમદાવાદ, સુરત બાદ ફરી એકવાર રાજકોટમાં જ કોરોનાના કેસ નોંધાયા હોવાનું સામે આવ્યું છે. રાજકોટમાં નોંધાયેલા ૬ કેસોમાં રામપ ર્કમાં ૨૫ વર્ષીય મહિલા, સદગુરુનગરમાં ૬ માસનું બાળક તેમજ ૩૨ વર્ષીય પુરુષ, બસ સ્ટેશન પાસેના વિસ્તારમાં ૨૬ વર્ષીય પુરુષ, જીવરાજ પાર્કમાં ૬૭ વર્ષીય પુરુષ તેમજ મંગલ પાર્કમાં ૨૬ વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે.

આ તમામ દર્દીઓ હાલ આઈસોલેશનમાં છે અને તેમની તબીયત સ્થિર છે. રાજકોટ જિલ્લામાં પણ એક કેસ પોઝીટીવ આવ્યો છે. આ સાથે જ શહેર-જિલ્લામાં કોરોનાના કુલ કેસ ૧૧ થઈ ચૂક્યાં છે. સુરતમાં કોરોના કેસમાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે. સુરતમાં વધુ બે કોરોના પોઝિટિવ કેસ આવતા હડકંપ મચી જવા પામ્યો છે. નાનપુરાના ૩૦ વર્ષીય યુવક અને ઘોડદોડ રોડની ૬૪ વર્ષીય વૃદ્ધાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.કોરોનાના કેસનો આંક હવે વધીને ૧૯૦ થઈ ગયો છે. જેમાં સૌથી વધુ ૧૩૧ કેસ માત્ર અમદાવાદમાંથી છે. ગુજરાતમાં ૧૯ મેના કોવિડ પોઝિટિવનો આંક ૭ હતો. આમ, ૧૦ દિવસમાં કોવિડ પોઝિટિવનો આંક ૧૮૩ જેટલો વધી ગયો છે. કોવિડ પોઝિટિવ દર્દીમાં કયો વેરિયન્ટ છે તેની ચકાસણી કરવામાં આવી રહી છે. અત્યારસુધી સત્તાવાર રીતે માત્ર એક દર્દીમાં નવો વેરિયન્ટ મળી આવ્યો છે. રાહતની વાત એ પણ છે કે, કોવિડના મોટાભાગના દર્દી હાલ ઘરમાં જ સારવાર હેઠળ છે.

સ્ટેટ્સ વિથ મોસ્ટ ઇમ્પ્રુવમેન્ટ શ્રેણીમાં પ્રથમ મુકવામાં આવ્યું

ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ ગુજરાતની નોંધપાત્ર કામગીરી

● ગાંધીનગર, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૮માં શરૂ કરેલ ટીબી નિમૂર્લન કાર્યક્રમ હેઠળ ગુજરાત સરકાર દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વ અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે નવા ટીબી દર્દીઓના રજીસ્ટ્રેશન અને ટીબીની શ્રેષ્ઠત્તમ સારવાર દ્વારા મૃત્યુદર ઘટાડવામાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

ગુજરાત સરકારના એક રિપોર્ટ પ્રમાણે રાજ્યમાં વર્ષ ૨૦૧૫ની સાપેક્ષે વર્ષ ૨૦૨૩ માં નવા દર્દીઓના રજીસ્ટ્રેશનમાં ૩૪ ટકા અને મૃત્યુદરમાં ૩૭ ટકાનો નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. જેના પ રિણામે કેન્દ્ર સરકારે પણ આ કામગીરીની સરાહના કરીને ગુજરાતને સ્ટેટ્સ વીથ મોસ્ટ ઈમ્પ્રુવમેન્ટ શ્રેણીમાં પ્રથમ ક્રમાંકે રાખ્યું હતું.

આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે આ ક્ષણે જણાવ્યુ હતું કે, ટીબી દર્દીઓને પ ોષણયુક્ત આહાર, શ્રેષ્ઠત્તમ સારવાર ઉપલબ્ધ કરાવીને મૃત્યુદર ઘટાડવા અને સ્વસ્થ ગુજરાત બનાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. છેલ્લા ચાર વર્ષના ડેટા પર નજર કરીએ તો ગુજરાતમાં ટીબીના નવા દર્દીઓ રજીસ્ટ્રેશનમાં વર્ષ ૨૦૨૨માં ૧,૪૨,૧૩૩,વર્ષ ૨૦૨૩માં ૧,૩૩,૬૭૭, વર્ષ ૨૦૨૪ માં ૧,૩૩,૮૦૫ નોંધણી થઈ હતી. જેની સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યા જોતા વર્ષ ૨૦૨૨ માં ૧,૩૦,૪૩૮ , વર્ષ ૨૦૨૩માં ૧,૨૨,૫૮૮, અને વર્ષ ૨૦૨૪ માં ૧,૨૪,૬૭૧ ટીબીની બીમારીને મ્હાત આપીને સાજા થયા હતા.

વર્ષ ૨૦૨૫ (જાન્યુઆરી થી એપ્રિલ) ની સ્થિતિ જોતા ૪૫,૨૮૨ નવા ટી.બી. દર્દીઓની નોંધણી થઈ હતી. અત્યાર સુધીમાં રજીસ્ટ્રર થયેલ દર્દીઓ સારવાર હેઠળ છે. મૃત્યુ પામેલા દર્દીઓની સંખ્યા ૧૦૧૧ છે. જે વર્ષ ૨૦૨૪-૨૫ માં આ સમયગાળા દરમિયાન ૨૨૦૧ હતી. આમ ટીબીના કારણે મૃત્યુ પામતા દર્દીઓની સંખ્યામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે.

ટી.બી.ના દર્દીઓ સ્વસ્થ થાય અને મૃત્યુદર ઘટે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા એક પ્રોટોકોલ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં ટીબી નિદાનના તમામ તબક્કામાં દર્દીઓને અતિજોખમી(હાઈ રીસ્ક) અને ઓછા જોખમી(લો રીસ્ક)ની શ્રેણીમાં વિભાજીત કરાય છે.

અતિજોખમી ટીબીના દર્દીઓની સારવાર માટે સબ ડિસ્ટ્રીક્ટ થી મેડિકલ કૉલેજ સંલ્ગન હોસ્પિટલ સુધી તમામ પ્રકારની સારવાર , સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. દવા શરૂ થવાના ૧૫ દિવસ બાદ અને ત્યારબાદ ૨ મહિના પ છી સમગ્ર સ્થિતિનું મુલ્યાંકન કરવામાં આવે છે. છ મહિનાની દવાનો કોર્ષ પૂર્ણ થયા બાદ દર્દીની ટૂનેટથી બલગમના ટેસ્ટ સાથે એક્સ-રે આધારિત મૂલ્યાંકન પણ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં ટીબીના દર્દીઓના નિદાન માટે ૨,૨૫૧ નિઃશુલ્ક સૂક્ષ્મ પ્રયોગશાળાની સુવિધાઓ ઉપલબ્ધ છે. ડ્રગ રેજીસ્ટંટ ટીબી(હઠિલા ટીબી) સહિતના ટીબીના નિદાન માટે ૩ ટીબી કલ્ચર પ્રયોગશાળા, ૭૪ સીબીનેટ મશીન અને ૧૪૧ ટ્રૂનેટ મશીનની સેવા ઉપલબ્ધ છે. વધુમાં રાજ્યના પ્રત્યેક તાલુકામાં ટીબી નિદાન માટેના ટ્રૂનેટ મશીન ઉપલબ્ધ બને તે માટે નવીન ૧૮૧ મશીનની ખરીદ પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર ઉપલબ્ધ કરાવવા ભારત સરકાર દ્વારા દર મહિને રૂ. ૧૦૦૦ની સહાયતા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા સીધી દર્દીના ખાતામાં જમા કરાવવામાં આવે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૪ માં ૧,૧૯,૮૩૩ દર્દીઓના ખાતામાં કુલ રૂ. ૪૬.૫૦ કરોડની સહાય ડીબીટી મારફતે જમા કરાવાઈ હતી.

જેના અંતર્ગત રાજ્યમાં ૧૦,૮૩૨ નિક્ષય મિત્રનું રજીસ્ટ્રેશન નિક્ષય પોર્ટલ પર કરવામાં આવ્યું છે. નિક્ષય મિત્રના માધ્યમથી વર્ષ ૨૦૨૨થી અત્યાર સુધીમાં ટીબી દર્દીઓને પોષણયુક્ત આહાર ઉપ લબ્ધ કરાવવા કુલ ૩,૭૯,૩૮૨ પોષણ કિટનું વિતરણ કરાયું છે. વર્ષ ૨૦૨૫ થી અત્યાર સુધીમાં કુલ ૧૮,૦૦૦ પોષણ કિટનું વિતરણ કરાયું છે.

ઓબીસી અનામતની અમલવારીના કારણે ગ્રામ પંચાયતોની ચૂંટણી અટકી હતી

છોટાઉદેપુર જિલ્લામાં પંચાયતોની ચૂંટણી જાહેર થતાં જ રાજકીય ગતિવિધિ તેજ બની

● બોડેલી, તા.૨૯

ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ જાહેર થઈ ગઈ છે. ૨૨ જૂને ગ્રામ પંચાયતની ચૂંટણી માટે મતદાન યોજાશે જ્યારે ૨૫ જૂને પરિણામ જાહેર કરવામાં આવશે. રાજ્યમાં નગરપાલિકા તાલુકા જિલ્લા પંચાયતોની ચૂંટણી બાદ ઓબીસી અનામતની અમલવારી ના કારણે ગ્રામ પંચાયતોની ચૂંટણી અટકી પડી હતી જેનો માર્ગ હવે મોકળો થયો છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. આજે રાજ્યભરની કુલ ૮૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. ગ્રામ પંચાયતોમાં મધ્ય સત્ર, રેગ્યુલર અને પેટા ચૂંટણી બાકી હોય તેની જાહેરાત થઈ છે. ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગે જિલ્લા કલેકટરો સાથે તમામ તૈયારીઓ અંગે વિડિયો કોન્ફરન્સથી ચર્ચા કરી હતી. આજે ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર કરવામાં આવી છે. ૨૨ જૂનના રોજ ૮૩૨૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી એક સાથે યોજાશે. જ્યારે ૨૫ જૂને પરિણામ જાહેર કરાશે. સોમવાર બીજી જૂનના રોજ જાહેરનામું પ્રસિદ્ધ થશે.૩૬૩૮ ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી યોજાશે. ૯ જૂનના રોજ ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ છે. જ્યારે ૧૧ જૂનના રોજ ઉમેદવારી પરત ખેંચવાની અંતિમ તારીખ છે.

છોટાઉદેપુર જિલ્લામાં ૧૨૪ આખી પંચાયત અને ૬૦ ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી યોજાશે ગ્રામ પંચાયતોની આજે ચૂંટણી જાહેર થવાની સાથે જ છોટાઉદેપુર જિલ્લામાં ત્રણ ત્રણ વર્ષથી થાકેલી પ્રજાને અંતે સ્થાનિક સ્વરાજ ના ચૂંટાયેલા પ્રતિનિધિઓ ચૂંટવા માટેની તક ઊભી થઈ રહી છે.

એકનો એક દીકરો ગુમાવતા પરિવારમાં માતમ

કચરાની ગાડીએ અડફેટે લેતા ૧૩ વર્ષના વિદ્યાર્થીનું થયું મૃત્યુ

● સુરત, તા. ૨૯

સુરતના ઉધના વિસ્તારમાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ધોરણ ૮માં અભ્યાસ કરતા ૧૩ વર્ષના વિદ્યાર્થી કાર્તિક અનિલ મોહિતેને સુરત મહાનગરપાલિકા (SMC)ની કચરાની ગાડીએ અડફેટે લેતા તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. કાર્તિક તેમના માતા-પિતાનું એકમાત્ર સંતાન હતું. જેના મૃત્યુથી પરિવારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.અકસ્માતની ઘટનાને પગલે સ્થાનિક રહેવાસીઓમાં પણ રોષ જોવા મળ્યો છે. ઘણા લોકોની માંગ છે કે રોડ સલામતી માટે પાલિકા દ્વારા યોગ્ય પગલાં ભરવામાં આવે અને આવા વાહનોના ચાલકોને ટ્રેઈનિંગ તથા મર્યાદિત ઝડપ ના નિયમોની કડક અમલવારી કરવી જોઈએ.

સુરતના ઉધના વિસ્તારમાં પાલિકાની કચરા ગાડીએ અકસ્માત કરી ૧૩ વર્ષના કિશોરનો ભોગ લીધો હતો. કાર્તિક મોહિતે રાત્રિના સમયે પોતાની બે બહેનો સાથે ઘરના નજીક બહાર નીકળ્યા હતા. ત્યારે SMCની કચરાની ગાડી અચાનક પૂર ઝડપે આવી અને કાર્તિકને અડફેટે લેતાં ગંભીર રીતે ઘવાયા. તાત્કાલિક ગમખ્વાર ઈજા થવાથી કાર્તિકનો ઘટનાસ્થળે જ કરૂણ અંત આવ્યો હતો.

બનાવની જાણ થતાં જ ઉધના પોલીસ મથકનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે તાત્કાલિક કાર્તિકના મૃતદેહને નવી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલાવ્યો હતો. તેમજ કચરાની ગાડીના ચાલક વિરુદ્ધ બેદરકારીથી વાહન ચલાવવાને લઈને ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

અકસ્માતની ઘટનાને પગલે સ્થાનિક રહેવાસીઓમાં પણ રોષ જોવા મળ્યો છે. ઘણા લોકોની માંગ છે કે રોડ સલામતી માટે પાલિકા દ્વારા યોગ્ય પગલાં ભરવામાં આવે અને આવા વાહનોના ચાલકોને ટ્રેઈનિંગ તથા મર્યાદિત ઝડપ ના નિયમોની કડક અમલવારી કરવી જોઈએ.

પશ્ચિમ રાજસ્થાન પર અપરએર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે તેની અસરથી ગુજરાતમાં વરસાદ થવાની સંભાવના

ગુજરાતના વિવિધ ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થશે

● અમદાવાદ, તા.૨૯

ગુજરાતના હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી દિવસોમાં વરસાદની સ્થિતિ કેવી રહી શકે તે અંગે માહિતી આપવામાં આવી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડિરેક્ટર એકે દાસ દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. એકે દાસ જણાવે છે કે, આજના દિવસે રાજ્યમાં હળવા વરસાદની શક્યતાઓ છે, જેની સાથે થંડરસ્ટોર્મ એક્ટિવિટી, ૪૦-૫૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાશે અને વીજળીના કડાકા થવાની શક્યતાઓ છે. ગુજરાતના ઘણાં ભાગોમાં પાછલા દિવસે પલટો આવ્યો હતો, જેમાં અમદાવાદ સહિત મધ્ય ગુજરાતમાં પણ મોડી રાત્રે વરસાદી ઝાપટાં થયા હતા. ૭ દિવસના હવામાનમાં રાજ્યમાં હળવાથી સામાન્ય છૂટાછવાયા ઝાપટાં થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવનાઓ છે.

ગુજરાતમાં આજના દિવસે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત તથા પૂર્વના ભાગોમાં વરસાદ થવાની સંભાવનાઓ જોવાઈ રહી છે. જેમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલી અને સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, મોરબી, દ્વારકા, ગીર સોમનાથ, બોટાદ, કચ્છ અને દીવનો સમાવેશ થાય છે. એકે દાસ જણાવે છે કે, આજના દિવસે પણ રાજ્યમાં વરસાદની સ્થિતિ યથાવત રહેવાની સંભાવનાઓ છે. રાજ્યમાં છૂટોછવાયો વરસાદ થવાની શક્યતાઓ છે. ૩૦મેથી ૪ જૂન સુધી વરસાદ રહેવાની શક્યતાઓ છે. જેમાં મોટાભાગના દક્ષિણ ગુજરાતના તથા દક્ષિણ સૌરાષ્ટ્રના જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ સાથે ૩૦મી મેથી ૧ જૂન સુધી માછીમારો માટે ચેતવણી આપવામાં આવી છે, જેમાં ત્રણ દિવસ ગુજરાતના તમામ દરિયાકાંઠાનો સમાવેશ થાય છે, જ્યારે તે પછી આ પછી ઉત્તર ગુજરાતના દરિયાકાંઠાના ભાગો માટે ચેતવણી આપવામાં આવી છે. પશ્ચિમ રાજસ્થાન પર અપરએર સાઈક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે તેની અસરથી ગુજરાતમાં વરસાદ થવાની સંભાવનાઓ છે. આ સિવાય એક ટ્રફ લાઈન પસાર થઈ રહી છે તેની પણ અસર ગુજરાત પર થઈ રહી છે.

યુવતીએ દુબઈથી સસ્તા આઈફોન લઈ આપવાની લાલચ આપી યુવક પાસેથી ૧.૬૬ લાખ પડાવ્યા

● અમદાવાદ

અમદાવાદના યુવકને સોશિયલ મીડિયા પર મિત્રતા કરી લાલચ રાખવી ભારે પડી છે. યુવકે સોશિયલ મીડિયાના માધ્યમથી યુવતી સાથે સંપર્ક કર્યો હતો.ત્યારબાદ યુવતીએ દુબઈથી સસ્તામાં આઈફોન લઈ આપવાની લાલચ આપી હતી.જે માટે યુવક પાસેથી ટુકડે ટુકડે મોબાઈલ, લેપટોપ અને કરિયાણા સહિતની અલગ અલગ ખરીદી કરાવી હતી. જે પેટે યુવકે કુલ ૧.૬૬ લાખ રૂપિયા ચૂકવ્યા હતા.પરંતુ યુવતીએ યુવકને આઈફોન આપ્યા ન હતા. આ અંગે યુવકે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે.અમદાવાદના ઘાટલોડિયામાં રહેતા નૈતિક દોશી નામનો યુવક ઘરેથી જ ચશ્માનો હોલસેલ વ્યવસાય કરે છે.આ યુવકને ત્રણ વર્ષ અગાઉ ઈન્સ્ટાગ્રામ પર પ્રિયંકા લાડ નામની યુવતી સાથે સંપર્ક થયો હતો.બંને વચ્ચે વાતચીત થઈ ત્યારે યુવતીએ નૈતિકને કહ્યું હતું કે દુબઈથી નજીકના સમયમાં અમદાવાદ આવવાની છું.દુબઈમાં મોબાઈલ ફોન સસ્તા મળે છે તો તમારે મારા લાયક કામ હોય તો જણાવજો.જેથી નૈતિકે કહ્યું હતું કે તેને આઈફોન ૧૬ પ્રો મેક્સ અને ૧૫ પ્રો મેક્સ જોઈએ છે.જે બાદ યુવતીએ નૈતિકને નંબર આપ્યો હતો અને બંને વચ્ચે વોટ્સએપમાં અંગેની વાતચીત થઈ હતી.ત્યારબાદ યુવતીએ નૈતિકને કહ્યું કે મારે મુંબઈથી કરિયાણું ખરીદ કરી દુબઈ ખાતે લઈ જવાનું છે તેનું ૬,૦૦૦ બિલ છે તમે હું લિંક મોકલું તે નંબર ઉપર બિલ ભરી દો.હું તમારા મોબાઈલના હિસાબમાં વળતર કરી આપીશ જેથી નૈતિકે તે બિલ ભરી દીધું હતું. ત્યારબાદ યુવતીએ મોબાઈલની એડવાન્સ રકમના બાને ૪૦,૦૦૦ મંગાવ્યા હતા .

શહેરા તાલુકાના પસનાલ, ખાંડિયા, નવાગામ સહિતનાં ગામોમાં

ભારે પવન સાથે વરસાદથી વૃક્ષો અને વીજપોલ ધરાશાયી, ઘરનાં પતરાં ઊડ્યાં

● શહેરા, તા.૨૯

શહેરા તાલુકાના પસનાલ, ખાંડિયા,નવાગામ સહિતના અન્ય ગામોમાં ભારે પવન અને ગાજવીજ સાથે આવેલા વરસાદથી વૃક્ષો અને વીજ પોલ પડી જવા સાથે ઘરના પતરા પણ ઉડી ગયા હતા. માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા રસ્તા પરના વૃક્ષો દૂર કરવા સાથે એમ.જી.વી.સી.એલ દ્વારા વીજ થાંભલા ઉભા કરવા સહિતની કામગીરી શરૂ કરી હતી.

શહેરા તાલુકાના પસનાલ, ખાંડિયા,નવાગામ સહિતના અન્ય ગામોમાં ભારે પવન સાથે વરસાદ આવતા અનેક લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.અનેક ગામોમાં વીજ થાંભલા પડી જતા લાઈટો ગુલ થઈ ગઈ હોવાથી લોકોને અંધારામાં રહેવાની નોબત આવી હતી. જ્યારે પસનાલ ગામમાં રાત્રીએ ઘરની અંદર પરીવારજનો સુઈ રહેલા ત્યારે વાવાઝોડા થી ઘરના પતરા પણ ઉડી ગયા હતા સાથે દિવાલ પડી જતા મોટી ઘટના બનતી અટકવા સાથે ઘર માલિક ચિંતિત બન્યો હતો. ઘણા બધા ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ જતા ગુરૂવાર ના સવારથી એમ.જી.વી.સી.એલ ની અલગ અલગ ટીમો દ્વારા આ વિસ્તારમાં વિજ થાંભલા ઉભા કરવા સહિતની જરૂરી કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. નવાગામ સહિતના અન્ય રસ્તા ઉપર વૃક્ષ જમીનદોસ્ત થતા માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા તાત્કાલિક જે. સી.બી. મશીનના મદદથી રસ્તા પરના વૃક્ષો હટાવી દઈને વાહન વ્યવહાર શરૂ કરવામાં આવ્યો હતો. જોકે પવન સાથે આવેલા કમોસમી વરસાદ થી અનેક લોકો હેરાન પરેશાન થઈ ઊઠવા સાથે ખેડૂતોને આર્થિક માર સહન કરવાનો વારો આવ્યો હતો.

નર્સ દ્વારા ગર્ભપાત રેકેટમાં મોટા ખુલાસા: અમદાવાદના એક જાણીતા ડોકટરનું ખુલ્યું નામ!

● ,અમદાવાદ,તા.૨૯

અમદાવાદના બાવળામાં આવેલા પનામા ગેસ્ટ હાઉસમાં ગર્ભપાત કરવાના રેકેટનો પર્દાફાશ અમદાવાદ જિલ્લા પોલીસની એસઓજીએ કર્યો હતો, ત્યારે આરોપી મહિલા નર્સ હેમલતા દરજીની ધરપકડ બાદ પૂછપરછમાં અમદાવાદના ડોક્ટર હર્ષદ આચાર્યની ગર્ભ પરીક્ષણ કરતા હોવાનું ખુલતા અમદાવાદ જિલ્લા એસઓજીએ આશીર્વાદ હોસ્પિટલના ડોક્ટર હર્ષદ આચાર્યની ધરપકડ કરી છે અને પૂછપરછ હાથ ધરી છે. અમદાવાદ જિલ્લા પોલીસે ગર્ભપાત કેસ મામલે આરોપી નર્સ હેમલતા દરજી દવા અને ઈન્જેકશન ક્યાંથી લાવતી હતી અન્ય કોણ કોણ તેની સાથે સંડોવાયેલ છે સાથે જ અત્યાર સુધીમાં કેટલા ગર્ભપાત કરી ચુકી છે તેને લઈને તપાસ શરુ કરી છે ત્યારે આવનારી તપાસમાં અન્ય શું શું ખુલાસા થયું છે તપાસમાં એ જોવું રહ્યું છે.

અમદાવાદ જિલ્લા પોલીસની તપાસ અને પ ૂછપરછમાં સામે આવ્યું છે કે ગર્ભપાત કર્યા પ હેલા બાળકી છે તેનું ગર્ભપરીક્ષણ અમદાવાદ ની આશીર્વાદ હોસ્ટપિલ ના ડોકટર હર્ષદ આચાર્ય કરી આપતા હતા અને ત્યાર બાદ આરોપી મહિલા નર્સ હેમલતા દરજી ગર્ભપાત કરતી હતી આરોપી ડોકટર હર્ષદ આચાર્ય ની આશીર્વાદ હોસ્પિટલ અમદાવાદ સોનીની ચાલ ખાતે આવેલી છે. ડોકટર હર્ષદ આચાર્ય એમ ડી રેડિયોલોજિસ્ટ છે હોવાનું તપાસમાં સામે આવ્યું છે સાથે જ આરોપી ડોકટર હર્ષદ આચાર્યના ક્લિનિકમાં ગેરકાયદેસર રીતે ગર્ભ પરીક્ષણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે ગર્ભમાં બાળકી હોવાની જાણ થતા નર્સ હેમલતા દરજી ગર્ભપાત કરવા આતે થી બાવળાના પનામા ગેસ્ટ હાઉસ માં દર્દી ને બોલાવી ને ગર્ભપાત કરી આપી હતી.

જેના બદલા માં દર્દી પાસે થી ૧૫ હજાર રૂપિયા લેવામાં આવતા હતા જેમાંથી ૮ હજાર રૂપિયા ગર્ભપરીક્ષણ ના આરોપી ડોકટર હર્ષદ આચાર્ય ને આપવામાં આવતા હતા આરોપી નર્સ હેમલતા દરજી અને આરોપી ડોકટર હર્ષદ આચાર્ય ધોળકા અને બાવળામાં આવેલ બ્રિન્દા હોસ્પિટલમાં સાથે કામ કરતા હતા આરોપી ડોકટર હર્ષદ આચાર્ય બ્રિન્દા હોસ્પિટલમાં વીઝીટીંગ તબીબ તરીકે કાર્યરત હતા જેના કારણે બંને વચ્ચે છેલા ૧૫ વર્ષ થી સારો પરિચય હતો આરોપી નર્સ હેમલતા દરજી ના કહેવાથી આરોપી ડૉકટર હર્ષદ આચાર્ય ગર્ભપરીક્ષણ કરતા હોવાનું સામે આવ્યું છે જ્યારે પણ આરોપી નર્સ હેમલતા પાસે ગર્ભવતી મહિલા આવતી ત્યારે સૌથી પહેલા ગર્ભ પરીક્ષણ કરાવવા માટે થી અમદાવાદ ના ડોકટર હર્ષદ આચાર્ય પાસે મોકલવા માં આવતા હતા. ડોક્ટર હર્ષદ આચાર્ય એમ ડી રેડિયોલોજિસ્ટ છે હોવાનું તપાસમાં સામે આવ્યું છે સાથે જ આરોપી ડોકટર હર્ષદ આચાર્યના ક્લિનિકમાં ગેરકાયદેસર રીતે ગર્ભ પ રીક્ષણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે ગર્ભમાં બાળકી હોવાની જાણ થતા નર્સ હેમલતા દરજી ગર્ભપાત કરવા આતે થી બાવળાના પનામા ગેસ્ટ હાઉસ માં દર્દી ને બોલાવી ને ગર્ભપાત કરી આપી હતી. અમદાવાદ જિલ્લા પોલીસે ગર્ભપાત કેસ મામલે આરોપી નર્સ હેમલતા દરજી દવા અને ઈન્જેકશન ક્યાંથી લાવતી હતી અન્ય કોણ કોણ તેની સાથે સંડોવાયેલ છે સાથે જ અત્યાર સુધીમાં કેટલા ગર્ભપાત કરી ચુકી છે તેને લઈને તપાસ શરુ કરી છે ત્યારે આવનારી તપાસમાં અન્ય શું શું ખુલાસા થયું છે તપાસમાં એ જોવું રહ્યું છે.

સરકાર પક્ષે કરેલી સ્ટે અરજી દાહોદની કોર્ટે ફગાવી દીધી

ખાબડના બંને પુત્રોનો જામીન પર છૂટકારો થતાં મંત્રીની હાલ પૂરતી મુસિબત ટળી

● દાહોદ, તા.૨૯

દાહોદની કોર્ટે મનરેગાના બહુચર્ચિત ૭૧ કરોડના કથિત કૌભાંડમાં મંત્રી પુત્રો બળવંત ખાબડ અને કિરણ ખાબડના દાહોદની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે રૂપિયા પચાસ હજારના બોન્ડ પર જામીન મંજૂર કર્યા હતા. તે વખતે સરકાર પક્ષે બંને મંત્રી પુત્રોના જામીન રદ કરવા અરજી કરી તાત્કાલિક સ્ટે આપવાની માગણી કરી હતી. જેની આજે દાહોદની કોર્ટમાં સુનાવણી થતા દાહોદની કોર્ટે સરકાર પક્ષની સ્ટે અરજી ફગાવી દઈ બંને મંત્રી પુત્રોના જામીન મંજૂર કરતા બંને મંત્રી પુત્રોના જામીન પર છુટકારો થતા મંત્રીજીની હાલ પૂરતી મુસીબત ટળી હોવાનું મનાઈ રહ્યું છે. ગઈકાલે ચુકાદો દાહોદની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં મનરેગાના ૭૧ કરોડના કથિત કૌભાંડમાં સંડોવાયેલા અને જેલવાસ ભોગવી રહેલા રાજ્યના મંત્રી બચુભાઈ ખાબડના બંને પુત્રો બળવંત ખાબડ અને કિરણ ખાબડ ની જામીન અરજીની સુનાવણી હાથ ધરાઈ હતી. જેમાં બંને મંત્રી પુત્રોને કોર્ટે રૂપિયા પચાસ હજારના બોન્ડ પર જામીન મંજૂર કર્યા હતા. પરંતુ તે વખતે સ્થળ પર હાજર સરકાર પક્ષે બંને મંત્રી પુત્રોના જામીન રોકવા સ્ટે અરજી કરતા દાહોદની કોર્ટે તેની સુનાવણી આજે ગુરુવાર કરવાનું જાહેર કરતા બંને મંત્રી પુત્રોને વધુ એક રાત જેલમાં રહેવું પડ્યું હતું.

APAR
Tomorrow's solutions today

અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ

(CIN : L91110GJ1989PLC012802)

રજીસ્ટર્ડ ઓફિસ : ૩૦૧, પનોરમા કોમ્પ્લેક્ષ, આર.સી.દત્ત રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૭, (ગુજરાત), ઈન્ડિયા.

ફોન : (+૯૧) (૦૨૬૫) ૬૧૭૮૭૦૦/૭૦૯, ૨૩૩૯૯૦૬

કોર્પોરેટ ઓફિસ : અપાર હાઉસ, બિલ્ડીંગ નં. ૪ અને ૫, કોર્પો રેટ પાર્ક, વી. એન. પુરવ માર્ગ (સાયોન-ટ્રોમ્બે રોડ), ચેમ્બુર, મુંબઈ - ૪૦૦ ૦૭૧, (મહારાષ્ટ્ર), ઈન્ડિયા.

E-mail : com.sec@apar.com **Website :** www.apar.com

કંપનીના ઈક્વીટી શેરધારકો જોગ નોટીસ

કંપનીના ઈક્વીટી શેર્સ ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (આઈઈપીએફ)માં હસ્તાંતરણ કરવા બાબત

કંપની ધારા, ૨૦૧૩ ("ધી એક્ટ")ની કલમ ૧૨૪(૬) અને ધી ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરીટી (એકાઉન્ટીંગ, ઓડિટ, ટ્રાન્સફર એન્ડ રીફન્ડ) રૂલ્સ, ૨૦૧૬ ("ધી રૂલ્સ") અને તેના હેઠળ બનાવેલા કાયદા અને નિયમો તથા અન્ય તમામ લાગુ પડતી જોગવાઈઓ અને વખતો-વખતના સુધારા હેઠળ આ સૂચના આપવામાં આવે છે.

આ નિયમો, અન્ય બાબતોની સાથે, સતત સાત વર્ષ કે તેથી વધુ સમયથી જે ઈક્વીટી શેર્સનું ડિવિડન્ડ ચૂકવવામાં આવ્યું નથી કે શેરધારકો દ્વારા તે મેળવવા માટે દાવો કરવામાં આવ્યો નથી, એવા ઈક્વીટી શેર્સને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (આઈઈપીએફ) ના નામે હસ્તાંતરણ કરવાની જોગવાઈ ધરાવે છે.

કંપનીના રેકોર્ડસ પરથી જાણવા મળે છે કે કંપનીના કેટલાક શેરધારકોએ તેમનાં અનપેઈડ / અનક્લેઈમ્ડ ડિવિડન્ડ નાણાંકિય વર્ષ ૨૦૧૭-૨૦૧૮ થી શરૂ કરીને છેલ્લા સતત સાત વર્ષનાં ડિવિડન્ડ વોરન્ટસ વટાવેલ નથી.

સંબંધિત રૂલ્સમાં ઠરાવવામાં આવેલી વિવિધ આવશ્યકતાઓનું પાલન કરતાં, કંપનીએ તેવા તમામ સંબંધિત શેરધારકો કે જેમના ઈક્વીટી શેર્સ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન આઈઈપીએફ ને ઉપરોક્ત નિયમો હેઠળ હસ્તાંતરણ કરવાને પાત્ર છે, તેમને તેમના છેલ્લા ઉપલબ્ધ સરનામાં ઉપર તેની વ્યકિતગત રીતે જાણ કરેલ છે. તેઓને નહીં ચુકવાયેલા ડિવિડન્ડ તા. ૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં દાવો કરવા જણાવેલ છે, અન્યથા ઈક્વિટી શેર્સ અન્ય કોઈપણ સુચના આપ્યા વિના આઈઈપીએફને હસ્તાંતરણ કરવામાં આવશે.

કંપનીની વેબસાઈટ https://www.apar.com/investor/ ઉપર જેમના શેર્સ આઈઈપીએફ ના ડિમેટ એકાઉન્ટમાં તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ હસ્તાંતરણ કરવાને પાત્ર થાય છે તેવા તમામ શેરધારકોની વિગત મૂકેલ છે. સંબંધિત શેરધારકોને આથી વિનંતી કરવામાં આવે છે કે આઈઈપીએફને હસ્તાંતરણ કરવા પાત્ર શેર્સની વિગત ઉપરોક્ત વેબલીંક ઉપરથી ચકાસી લેવી.

શેરધારકો જેઓ શેર ધારણ કરે છે :-

ભૌતિક ફોર્મમાં : શેર્સની બાબતમાં જરૂરી ઔપચારીકતાઓ પૂરી કરીને મુળ શેર/શેર્સના બદલામાં નવીન શેર પ્રમાણપત્ર આઈઈપીએફ ઓથોરીટીના નામે જારી કરવામાં આવશે. મુળ શેર પ્રમાણપત્ર / જારી કરાયેલા પત્રો જે શેરધારક(કો)ના નામે નોંધાયેલા છે તે રદ થયેલ અને વેચાણ - વ્યવહાર માટે અપાત્ર ગણાશે.

ડિમટેરીયલાઈઝડ ફોર્મમાં : કંપની દ્વારા કોર્પોરેટ કાર્યવાહી અનુસાર ડિપોઝીટરી/ઝ [(સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ ઈન્ડીયા લિમિટેડ (સીડીએસએલ) અને નેશનલ સીક્યોરીટીઝ ડિપોઝીટરી લિમિટેડ (એનએસડીએલ)] શેરધારક(કો)ના ડિમેટ ખાતામાં પડી રહેલા ઈક્વિટી શેર્સ કેન્દ્ર સરકર દ્વારા સ્થાપિત આઈઈપીએફ ઓથોરીટીના ડિમેટ ખાતામાં હસ્તાંતરણ કરવા માટે સંબંધિત સૂચના અપાશે.

શેરધારકો વધુમાં નોંધ લે કે, કંપની દ્વારા તેની વેબસાઈટ ઉપર ઉપરોક્ત લાગતા-વળગતા શેરધારક(કો)ની જે વિગત દર્શાવવામાં આવી છે તેને કંપની / કોર્પોરેટ એકશન દ્વારા નિયમો અનુસરીને આઈઈપીએફના ડિમેટ એકાઉન્ટમાં શેર્સને હસ્તાંતરણ કરવાની બાબતમાં અને નવા શેર પ્રમાણપત્ર/પત્રો જારી કરવાની બાબતમાં જરૂરી નોટીસ તરીકે ગણવાની રહેશે.

સંબંધિત શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે આઈઈપીએફને હસ્તાંતરણ કરાયેલા આવા ઈક્વિટી શેર્સ ઉપર મળવા પાત્ર તમામ લાભો પણ આઈઈપીએફ ઓથોરીટીના ડિમેટ ખાતામાં હસ્તાંતરણ કરવામાં આવશે જેની નોંધ લેવી.

જો તા. ૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં કંપનીને આ બાબતમાં સંબંધિત શેરધારકોની કોઈ રજુઆતો નહીં મળે, તો કંપની, સંબંધિત નિયમોમાં જણાવ્યા મુજબની જોગવાઈઓનું પાલન કરવા, નિયમોમાં જે કાર્ય પધ્ધતિ દર્શાવી છે તેને અનુસરીને અને કોર્પોરેટ એક્શન દ્વારા સંબંધિત શેર્સ અને ડિવિડન્ડ આઈઈપીએફ ઓથોરીટીમાં હસ્તાંતરણ કરવાની પ્રક્રિયા કરશે.

અત્રે એ નોંધ લેવી કે સંબંધિત નિયમો પ્રમાણે દાવા વિનાનાં ડિવિડન્ડની રકમ અને આઈઈપીએફ ઓથોરીટીમાં હસ્તાંતરણ કરવામાં આવેલા ઈક્વીટી શેર્સની બાબતમાં કંપની સામે કોઈ દાવો ઉભો રહેશે નહીં.

શેરધારકો એ વાતની નોંધ લે કે આઈઈપીએફ માં હસ્તાંતરણ કરવામાં આવેલા દાવા વિનાનાં ડિવિડન્ડ અને સંબંધિત ઈક્વીટી શેર્સ, તેના પર મળવાપાત્ર થયેલા અને થનારા તમામ લાભો સાથે, વેબ ફોર્મ આઈઈપીએફ-૫ માં આઈઈપીએફ ઓથોરીટીને ઓનલાઈન અલાયદી અરજી કરીને પરત મેળવી શકાય છે, અને આવી ઓનલાઈન અરજી પછી વેબ ફોર્મ આઈઈપીએફ-૫ માં દર્શાવેલા દસ્તાવેજોની ભૌતિક નકલો કંપનીને મોકલવાની હોય છે. સદર ફોર્મ આઈઈપીએફની વેબસાઈટ www.iepf.gov.in ઉપર ઉપલબ્ધ છે.

આ બાબત અંગે શેરધારકોને કોઈ પૃચ્છા હોય તો, તેઓ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ : ૩૦૧, પનોરમા કોમ્પ્લેક્ષ, આર.સી.દત્ત રોડ, વડોદરા - ૩૯૦ ૦૦૭, (ગુજરાત), ઈન્ડિયા. ફોન : (+૯૧) (૦૨૬૫) ૬૧૭૮૭૦૦/૭૦૯, ૨૩૩૯૯૦૬, ઈ-મેઈલ : com.sec@apar.com પર સંપર્ક કરી શકે છે.

અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી,
સહી/-
સંજયા કુંદર
કંપની સેક્રેટરી

સ્થળ : મુંબઈ
તારીખ : ૨૯.૦૫.૨૦૨૫